# "ટીચરને પગે લાગી'તી બેટા !" : એક રોમહર્ષણ પ્રશ્ન

શાળાએ જતાં આવતાં નાનાભૂલકાઓ પગ ઉછાળતા ઉછાળતા ચાલતાં હોય,પગ વડે પથ્થરોને લાત મારતા હોય, રમતના મેદાનમાં દોડતા-ઉછળતા હોય,ભાઇબંધ સાથે કિલ્લોલ કરતા હોય, નવા ભાઇબંધો સાથે સ્નેહ સંબંધ બંધાતો હોય, ઘરે આવીને દફતરનો છૂટો ઘા થતો હોય વગેરેમાં જોવા મળતી નિર્દોષતા પ્રથમ વરસાદના અમીછાંટા કરતાં સહેજ પણ ઓછી પવિત્ર નથી જ. આવી પવિત્ર મોસમમાં **"ટીચરને પગે લાગી'તી બેટા! " શબ્દો રસ્તા પર પાંચ-છ વર્ષની દીકરીને શાળાએથી ઘરે લઈને આવતી એક માના મુખમાંથી સાંભળવા મળ્યા ! તરત જ મનોમન તે માને સલામ પણ અપાઇ ગઇ !** એટલું જ નહીં આ શબ્દો સાંભળ્યા પછીના ચાર-પાંચ કલાક અતિઆનંદમાં પસાર થયા. આજે અત્યારે પણ એ માએ પોતાની દીકરીને પૂછેલો પ્રશ્ન ગૂંજે છે, જેટલીવાર ગૂંજ્યો, તેટલીવાર સલામ પણ મારી .

પ્રશ્ન પૂછનાર મા એ નથી જાણતી કે, તે શિક્ષણ માટે કેટલું મોટું કામ કરી રહી છે. તેણે દીકરીને પૂછેલા આ પ્રશ્નનું પરિણામ શું આવશે? દિકરી નિયમિત પણે તેના ટીચરને પગે લાગશે. દીકરીમાં પોતાના ટીચર માટે વિશિષ્ટ પ્રકારનો ભાવ અને લાગણી ઊભા થશે. સામે પક્ષે ટીચરના મનમાં પણ બાળકો માટે તેવા જ પ્રકારનો ભાવ ઊભો થશે. અંતે ફાયદો તો શિક્ષણને જ છે ને!

પાંચ વર્ષ સુધી શાળાએ નહીં જનાર બાળકનું ઘડતર કરવાની, તેનામાં સંસ્કારનું સિંચન કરવાની જવાબદારી કુટુંબની છે. તેમાં પણ બાળકની માતાની ભૂમિકા વિશેષ રહે છે, જેના અનેક કારણો છે. માટે તો "એક માતા બરાબર સો શિક્ષક" કહેવાય છે. જ્યાં સુધી આવી માતાઓ આપણને મળશે, ત્યાં સુધી મૂલ્ય શિક્ષણ અંગેની ઝાઝી ચિંતા કરવી નહીં પડે. દરેક મા-બાપ પોતાના બાળકને આવો પ્રશ્ન પંદર દિવસે એકવાર પૂછે તો ......! બાળક જ્યાં સુધી પ્રાથમિક શાળામાં હોય છે, ત્યાં સુધી તે પોતાના શિક્ષકને ભગવાન કરતાં પણ વધુ માને છે. ઘરમાં ધાકધમકીથી કે મા-બાપના લાડ વચ્ચે પણ દવા નહીં પીતું બાળક, શિક્ષકના એક પ્રેમભર્યા વાક્યથી ગમે તેવી કડવી દવા પણ પી જાય છે ! ગમે તેવા મોટા અધિકારી કે ખ્યાતનામ વ્યકિત પણ પોતાના બાળકને શીખામણ આપે અને તેની જે અસર થાય છે તેના કરતા શિક્ષકે આપેલી શીખામણની અસર બાળક પર વધુ થાય છે. પણ આ ત્યારે જ શક્ય બને છે કે બાળક જ્યારે શાળામાં પ્રવેશ મેળવે છે ત્યારે તેના કુટુંબમાંથી તેને કેવા સંસ્કાર મળ્યા હોય છે અને અપાતા હોય છે. આમછતાં કોઇ પણ વાલી એવું તો નથી જ ઇચ્છતા કે પોતાના બાળકમાં વિવિધ સંસ્કારોનું સિંચન ન થાય.. છતાંપણ કેટલાંક વાલી પોતાની વ્યસ્તતા, ના સમજ કે અન્ય કારણોસર કુટુંબ તરફથી મળવા જોઇતા સંસ્કાર કે મૂલ્યોનું સિંચન કરવામાં ઊણા ઉતરે છે. ત્યારે શાળાની જવાબદારી વધી જાય છે, માટે જ પાઠયક્રમમાં કે શાળામાં સહઅભ્યાસ પ્રવૃત્તિઓ કરાવીને સંસ્કાર કે મૂલ્યોનું શિક્ષણ ઔપચારિક રીતે આપવું પડે છે. આમછતાં અનૌપચારિક રીતે અપાતાં મૂલ્યશિક્ષણની અસર ઊંડી થતી હોવાથી તે સ્થિર બની જાય છે. આ માટે વિનોબાજીના શબ્દોમાં કહીએ તો, શાળામાં ઘર પ્રવેશવું જોઇએ અને ઘરમાં શાળા પ્રવેશવી જોઇએ. ઘર અને શાળા સાથે મળીને જવાબદારી ઉપાડશે તો બાળકમાં જરૂરી મૂલ્યોનું સાહજિકતાથી સિંચન થશે જ.

પ્રાથમિક શાળામાં હોય ત્યાં સુધી પોતાના શિક્ષકને ભગવાન માનતો વિદ્યાર્થી માધ્યમિકશાળામાં આવે ત્યારે કેટલાંક અંશે બદલાઇ જાય છે. હવે તે પોતાના શિક્ષકને માત્ર શિક્ષક તરીકે જૂએ છે.

પ્રાથમિકશાળામાં શિક્ષકે આપેલી સલાહ કે કરેલ સૂચન શિલાલેખ પર કોતરેલા શબ્દોની જેમ સ્વીકારી લે છે, પરંતુ માધ્યમિક શાળામાં આવે ત્યારે તેને પોતાના શિક્ષકના વચનો પર કેટલાંક અંશે શંકા ઉત્પન થાય છે. તે શિક્ષક સામે દલીલ કરતો નથી, પણ શિક્ષકની સલાહ પણ માનતો નથી. હા...તે શિક્ષકની આમન્યા રાખતો વિદ્યાર્થી બની રહેવા તો માંગે જ છે. પણ આ જ વિદ્યાર્થી જ્યારે કોલેજમાં આવે છે, ત્યારે તે પોતાના શિક્ષકને ભગવાન કે શિક્ષક તરીકે સ્વીકારવાને બદલે નોકરી કરતા વ્યક્તિ તરીકે સ્વીકારે છે. અહીં શિક્ષકની આમન્યા નહીં રાખવામાં તે ગૌરવ અનુભવતો હોય તેવું લાગે છે. તે શિક્ષકની સામે ગમે તેવા શબ્દો અને ગમે તેવા ઊંચા અવાજ સાથે વાત કરે છે. શિક્ષકને જોઇ લેવાની વાત કરતાં પણ શરમ-સંકોચ અનુભવતો નથી. હા..... આવી વિચારસરણી ધરાવતા વિદ્યાર્થીની સંખ્યા બહુમતીમાં નથી, આમછતાં શિક્ષણ કે કોલેજ પર પ્રભાવ તો આ લઘુમતિ ધરાવતા વિદ્યાર્થીઓનો જ જોવા મળે છે. જે પ્રગતિશીલ સમાજનું અધોગતિભર્યું લક્ષણ કહી શકાય. ત્યારે પ્રશ્ન થાય કે આવું શીદને થાય છે? **વિદ્યાર્થીમાંથી ઘટતાં સંસ્કાર કે મૂલ્યો માટે જવાબદાર કોણ ? વાલી ? શિક્ષક? સમાજ? સરકાર? કે ખુદ વિદ્યાર્થી? કે આ બધા જ?** ત્યારે જ પેલી "ટીચરને પગે લાગી'તી બેટા! " કહેનારી મા યાદ આવે છે. બધી જ માતાઓ બાળપણમાં સારા સંસ્કારોનું ભૂલ્યા સિવાય સિંચન કરશે અને શાળાઓ કે કોલેજો પણ પેલી માની જેમ પોતાની ભૂમિકા ભજવશે ત્યારે ચિંતા આપણાથી દૂર ભાગશે. પ્રાથમિકશાળાઓએ બાળકને પ્રશ્ન પૂછવાની જરૂર છે કે, મા-બાપને પગે લાગી'તી બેટા! માધ્યમિકશાળાએ પ્રશ્ન પૂછવાની જરૂર છે કે, મમ્મી-પપ્પાને મદદ કરો છો બેટા? અને કોલેજોએ પણ પોતાના વિદ્યાર્થીને પ્રશ્ન પછવાની જરૂર છે કે, સમાજને મદદ કરો છો, દોસ્ત?

ટૂંકમાં, **જે સમાજમાં વાલી વાલીયો હોય અને શિક્ષક શેતાન હોય ત્યાં મૂલ્યોનો દુષ્કાળ જ હોય. વાલી અને શિક્ષક, શાળા અને સમાજ મૂલ્યમુક્ત હોય તો બાળક ક્યાંથી મૂલ્યયુક્ત હોય?** અંતે પેલી મા કે જે રસ્તામાં પણ ચાલતા ચાલતા અનાયાશે પોતાની બાળકીમાં સંસ્કારનું સિંચન કરી રહી છે તેને ફરીથી સલામ....... આવી સલામ વારંવાર મારવાના મોકા મળે તેવી મનની મુરાદ .